# ચ-૭ માર્ગનો છેડો છેલ્લા પાંચ વર્ષથી વારંવાર તુટી જાય છે

## ચોક્કસ કામગીરીના અભાવે આ વળાંક જીવલેણ બન્યો, તંત્ર થીંગડા જ મારે છે



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા. ૨૩

પાટનગરના માર્ગો રાજ્યભરમાં પોતાની આગવી ઓળખ ધરાવે છે. પરંતુ કેટલીકવાર તંત્રની આળશથી આ માર્ગોને ગ્રહણ લાગી જાય છે. તેવું જ નગરના ચ-૭ના માર્ગના છેડે બનવા પામ્યું છે. છેલ્લા પાંચ વર્ષથી એક જ સ્થળે વારંવાર તુટી જતો માર્ગ એ તંત્રની કામગીરી કેવી છે તેની સાક્ષી પુરી રહ્યો છે. જો કે ફક્ત માટીકામ કરી આડસ ઉભી કરવાના તંત્રના પ્રયાસો ગંભીર અકસ્માતને આમંત્રણ આપી દે તો નવાઈ નહીં તેવું દૃશ્ય હાલ ઉભુ થયું છે. જેથી સત્વરે આ માટે ચોક્કસ કામગીરી હાથ ધરાય તેવી માંગ ઉઠવા પામી છે.

પાટનગરના મુખ્ય ગણાતા એવા ચ-માર્ગના અંતિમ પડાવે માર્ગ તુટી ફુટી ગયો છે. છેલ્લા ઘણા વર્ષોથી સતત આ છેડો તુટી જાય છે અને તંત્ર થીંગડા

● અનુસંધાન પાન-૭ પર

# દાંડી કુટીર નિહાળવા ટીકીટ રાખવાની સક્રિય વિચારણા

## પ્રવેશ માટે ટીકીટ રખાશે તો સ્વૈચ્છિક સંસ્થાઓ ઉગ્ર વિરોધ કરશે

ગાંધીનગર તા ૨૩

મહાત્મા મંદિરના પ્રાજેકટને અનુલક્ષી નિર્માણ કરાયેલી ભવ્ય દાંડી કુટીરને અનુલક્ષી ટુંકમાં ટીકીટનો દર નક્કી કરવા વિચારણા હાથ ધરવામાં આવી છે. આ મામલે ટુંકમાં ટિકીટનો દર નક્કી થાય તેવી શકયતા છે. કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલી દાંડી કુટીરમાં ગાંધીજીના જીવનકાળની ઝાંખી કરાવવામાં આવી છે. જયારે પ્રસંગ અનુરૂપ ચલચિત્રો પણ રજુ કરવામાં આવ્યા છે. ત્યારે મુલાકાતીઓએ ટુંક સમયમાં દાંડી કુટીર માટે ટોકન દરે ટીકીટ ખરીદવી પડશે. દાંડી કુટીર હાલ યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગને સોંપી દેવામાં આવી છે.

મહાત્મા મંદિરના નિર્માણની સાથે આ વિસ્તારમાં ભવ્ય સ્લોપીંગ ગાર્ડન તેમજ લાયબ્રેરી ઉપરાંત સોલ્ટ માઉન્ટની વિશાળ પ્રતિકૃતિ આર્કષણનું કેન્દ્ર બની છે. આ ઉપરાંત હાલ આ પ્રોજેકટને અનુલક્ષી ખ માર્ગને જોડતા ભવ્ય કેબલ સ્ટેડ બ્રીજનુ કામ પણ ચાલી રહયુ છે. ભવ્ય દાંડી કુટીરમાં ગાંધીજીના જીવનકાળ દરમિયાનની યાદ તાજી કરાવતા પ્રસંગો તાદ્રશ્ય કરાવાયા છે. જયારે તેમના જીવન આધારિત ઓડીયો વિઝિયુઅલ પણ ઉપલબ્ધ છે. ૪૦.૫ મીટર ઉંચા ભવ્ય ડોમમાં ગાંધીજીના વિવિધ ચલચિત્રો પણ રજુ કરવામાં આવ્યા છે.જયારે અનેક યાદગાર પ્રસંગોને પણ વણી લેવામાં આવ્યા છે. કરોડોના ખર્ચે તૈયાર કરાયેલી દાંડી કુટીરને યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગને સોંપી દેવામાં આવી છે. જયારે આવનારા દિવસોમાં દાંડી કુટીરના મુલાકાતીઓ માટે ટીકીટનો દર નકકી કરવામાં આવશે જો કે હજુ સુધી આ અંગે કોઈ નિર્ણય લેવાયો નથી પરંતુ ટીકીટનો ટોકન દર નક્કી કરવા વિભાગ કક્ષાએ પુખ્ત વિચારણા ચાલી રહી છે.

ગાંધીજીના જીવન કથન તેમજ પ્રસંગોને તાદ્રશ્ય રજુ કરતી ભવ્ય દાંડી કુટીર તૈયાર કરવામાં આવી છે. જયારે આ કુટીરમાં વાતાનુકુલિત વાતાવરણમાં ગાંધીજીના જીવન આધારિત ઓડીયો વિઝયુઅલ્સ તેમજ રસપ્રદ ચલચિત્રો પણ રજુ કરવામાં આવ્યા છે. જયારે દાંડી કુટીર યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગને સોંપી દેવામાં આવી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે દાંડી કુટીરમાં આવતા મુલાકાતીઓ માટે આવનારા દિવસોમાં ટીકીટનો દર નક્કી કરવા વિચારણા હાથ ધરવામાં આવી છે.જેના પગલે નગરની સંસ્થાઓમાં વિરાધના વાદળો મંડરાયા છે. દાંડી કુટીર માટે ટિકીટનો દર નક્કી કરવામાં આવશે તો વિરોધ પ્રદર્શિત કરાશે.

# ધોરણ-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહની પુરક પરિક્ષાનુ પરિણામ ૨૫ જુલાઈએ

ગાંધીનગર તા ૨૩

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ -૧૦ તેમજ ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહની પુરક પરિક્ષાનુ પરિણામ આગામી તા ૨૫ જુલાઈના રોજ જાહેર કરવામાં આવશે. શિક્ષણ બોર્ડના સચિવે આ અંગે જણાવ્યા મુજબ પુરક પરિક્ષાનુ પરિણામ શાળાઓનો વિતરણ કરવામાં આવશે. ધોરણ-૧૦ના વિતરણ કેન્દ્ર પરથી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ મેળવવાનુ રહેશે.જિલ્લાની સામાન્ય પ્રવાહની શાળાઓએ શાળાના લેટર પેડ પર આચાર્યના સહી સિક્કા સાથે પ્રતિનિધિએ ઓથોરીટી લેટર રજુ કરી પરિણામ મેળવવાનુ રહેશે.તેમ પણ જણાંવાયુ છે.

# સે-૨૪ માં સી.સી.રોડના બાકી કામ પૂર્ણ કરવા વિભાગને દરખાસ્ત કરાશે

## ઈન્દિરાનગર અને કેટલાક કોર્મશિયલ વિસ્તારમાં કામ બાકી વધુ ૬૬ લાખના ખર્ચનો અંદાજ

ગાંધીનગર તા ૨૩

સેકટર - ૨૪ માં સી સી રોડનુ કામ હજુ પૂર્ણ કરવામાં આવ્યુ નથી. સેકટરના મોટાભાગના વિસ્તારમાં સી સી રોડનુ કામ પૂર્ણ કરી દેવાયુ છે.જયારે ઈન્દિરાનગર વિસ્તારમાં આ કામગીરી હજુ બાકી છે. જો કે ખર્ચની રકમ વધતા આ મામલે એસ્ટીમેટ તૈયાર કરી વિભાગને દરખાસ્ત કરવામાં આવશે.

શહેરના સેકટર ૨૪માં દાયકાઓના અંતે રસ્તા તેમજ સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ થઈ છે. સેકટરમાં અંદાજિત ૩૦ વર્ષ બાદ સ્ટ્રીટ લાઈટનુ કામ હાથ ધરવામાં આવતા સેકટરની શેરીઓમાં સાંજ ઢળતા અજવાળુ જોવા મળે છે. જયારે લાંબા સમયના અંતે રસ્તાઓનુ કામ હાથ ધરાતા સેકટરવાસીઓને પ્રાથમિક સુવિધાઓ મળી છે. સેકટરમાં સી સી રોડની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેના અંતે સેકટરના મોટાભાગના વિસ્તારમાં સી સી રોડનુ કામ પૂર્ણ કરી દેવાયુ છે. જયારે રસ્તાની કામગીરી દરમિયાન દબાણોનો પ્રશ્ન પણ નડતરરૂપ બનતા કામગીરીમાં વિલંબ પણ ઉભો થયો હાવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. સી સી રોડનુ કામ આમ પણ અધિકારીઓ માટે શિરદર્દ સમાન બન્યુ છે.જેમાં આંતરિક રાજકારણ તેમજ દબાણની સમસ્યા મુખ્ય બની રહી છે. જો કે સેકટરના મોટાભાગના વિસ્તારમાં રસ્તાની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. પરંતુ સેકટરના ઈન્દિરાનગર તેમજ કેટલાર કોર્મશિયલ વિસ્તારમાં હજુ રસ્તાનુ કામ બાકી હોવાનુ ધ્યાને આવ્યુ છે. જો કે આ મામલે ખર્ચ વધી જતા તંત્ર દ્વારા વિભાગને નવેસરથી દરખાસ્ત કરવામાં આવશે. જેની પાછળ અંદાજીત વધુ ૬૬ લાખનો ખર્ચ થાય તેવો અંદાજ છે. જેને મંજુરી અપાયા બાદ સેકટરમાં સી સી રોડનુ આગળનુ કામ પૂર્ણ કરી દેવાશે.



ઉઘાડ - બે દિવસ ગોરંભાયેલા વાદળો બાદ આજે ત્રીજા દિવસે ઉઘાડ નિકળ્યો હતો... તડકો હૂંફ આપતો હતો... સાથે સાથે ઉજાસની અનુભૂતિ પણ કરાવતો હતો... ગાંધીનગરના માર્ગો પર વૃક્ષોની છાંયાની આસપાસ અનુભવાતો તડકો નિહાળવાની પણ મજા છે... માર્ગની બંને બાજુ લીલાછમ વૃક્ષોથી સુંદર લાગતા માર્ગ પર સૂર્યના સીધા પ્રકાશથી માર્ગ વધુ સુંદર લાગતો હતો... (તસવીર : કશ્યપ નિમાવત)

# સેકટર-૨૬ કિસાનનગરમાં વિજ બીલ વધુ વસુલાતા રહીશોમાં આક્રોશ

## મીટર બદલાવ્યા બાદ વધુ યુનિટનુ બીલ વસુલાતા ગ્રાહકને આર્થિક નકશાન થયુ હોવાની ફરિયાદ

ગાંધીનગર તા ૨૩

સેકટર -૨૬ માં રહીશોને વીજ વપરાશનુ બીલ વધુ આવતુ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. સેકટરના સ્થાનિક રહિશે મીટર બદલાવ્યા બાદ વધુ વીજબીલ ભોગવી મોટો આર્થિક ફટકો સહન કરવો પડતો હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આ મામલે ટોરેન્ટ પાવરને રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા ન હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે.

શહેરમાં વીજ સેવાના મામલે છાશવારે ફરિયાદો ઉઠવા પામે છે. ગત ઉનાળા દરમિયાન પર્યાપ્ત વીજ પાવરના અભાવે સેકટરોમાં છાશવારે ફોલ્ટ સર્જાતા હોવાનો આક્રોશ પ્રવર્તયો હતો. જયારે સતત વધતા વીજ બીલના ભારણની સાથે નાગરીકોને ઘણીવાર બિનજરૂરી આર્થિકભારણ વેઠવુ પડતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે.સેકટર-૨૬માં પણ આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સેકટરમાં કીસાનનગર સોસાયટીમાં પ્લોટનં ૧૦૦-૧ માં રહેતા પ્રો. ડાહ્યાભાઈ પટેલે આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ ગત ફેબ્રુઆરી મહીનામાં તેમના વીજમીટરને ઉધઈ લાગી જવાના લીધે કંપની દ્વારા તેને બદલી નાંખવામાં આવ્યુ હતું.પરંતુ યુનિટના વપરાશમાં ગડમથલ દર્શાવી તેમની પાસેથી એવરેજ બીલની સામે ૩૫૦ યુનિટનુ વધુ વીજ બીલ વસુલવામાં આવ્યુ હતું. ગ્રાહકને માનસિક દ્વિધામાં મુકી આર્થિક રીતે તેમની સાથે અન્યાય કરવામાં આવ્યો છે. ગ્રાહકને દંડવાની આ નિતિ સામે રહિશોમાં આક્રોશ પ્રવર્તયો છે. આ મામલે ટોરેન્ટ પાવર કંપનીને વારંવાર મૌખિક રજુઆતો કરવા છતા તેમની રજુઆતોને ધ્યાને લેવામાં આવી નથી.




## બેસણું - સુંવાળા

અમારા મોટાભાઈશ્રી **જશવંતસિંહ (જશુજી) બળદેવજી ગોલ**નું દુ:ખદ અવસાન તા. ૧૮/૭/૨૦૧૫ને શનિવારના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૪/૭/૨૦૧૫ને શુક્રવારના રોજ સવારે ૮-૦૦ થી ૨-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ગોલ અજીતસિંહજી જશવંતસિંહજી, ગ્રીન પાર્ક સોસાયટી, ગુડા બજારની સામે, દરબાર વાસ, વાવોલ, ગાંધીનગર

| | |
|---|---|
| ગોલ નટુજી વેરૂજી | ગોલ રજુજી વરસાજી |
| ગોલ અભેસિંહ વેરૂજી | ગોલ બળદેવસિંહ વરસાજી |
| ગોલ ભરતસિંહ વેરૂજી | ગોલ વિનોદસિંહ વરસાજી |
| ગોલ રણજીતસિંહ વેરૂજી | ગોલ બળવંતસિંહ જેશંગજી |
| ગોલ ઈશ્વરસિંહ વેરૂજી | ગોલ લક્ષ્મણસિંહ ચંદનજી |
| ગોલ દિપકસિંહ બાદરજી | ગોલ દિલીપસિંહ નવુજી |
| ગોલ જીતેન્દ્રસિંહ બાદરજી (જીતુભાઈ) | ગોલ જગતસિંહ બાલુસિંહ |
| ગોલ બાદરજી ગલાબજી (કાકાશ્રી) | ગોલ સૂરજસિંહ ઉદેસિંહ (બકાજી) |
| ગોલ સ્વ. વેરૂજી નાથુજી (કાકાશ્રી) | |


# આ ચોમાસામાં એટલા વૃક્ષો વાવીએ કે ગાંધીનગર વિશ્વનું નં. ૧ હરિયાળુ શહેર બને

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના પર્યાવરણ પ્રેમીઓ દ્વારા થોડા સમય પહેલા સરકારના એક પ્રોજેકટમાં કાપવા પડતા વૃક્ષો અંગે જબરદસ્ત અંગે જબરદસ્ત વિરોધ નોંધાવી નિર્ણય ફેરબદલ કરવાની ફરજ પાડી હતી. આ કારણે અસંખ્ય વૃક્ષો કપાતા અટકી ગયા હતા જેને પર્યાવરણવાદીઓએ પ્રચંડ જનમતનો વિજય ગણાવ્યો હતો. જો કે શહેરમાં આજની તારીખે પણ હજારો વૃક્ષો કપાય છે. તે બાબતે પણ આ પર્યાવરણવાદીઓએ સજાગ થઈ તેને અટકાવવા પગલાં લેવા જરૂરી છે.

**નગરમાં હજુ પણ હજારો વૃક્ષો કપાય છે : વૃક્ષો વાવવાની ઝુંબેશ પ્રારંભ કરવાની જરૂર**

ગાંધીનગરમાં હજારોની સંખ્યામાં ઝુંપડાવાસીઓ વસવાટ કરી રહ્યાં છે. આ ઝુંપડાવાસી શ્રમજીવીઓ પાસે ના તો કેરોસીન છે કે ના તો તેમની પાસે ગેસનો બાટલો હોય છે. તેમના ઘરમાં ત્રણ ટંક રસોઈ બનાવવા માટે માત્ર અને માત્ર લાકડાનું બળતણ વપરાતુ હોય છે. સરેરાશ એક ઝુંપડાવાસીના ઘરમાં અઠવાડિયે મધ્યમ કદનું એક વૃક્ષ વપરાય છે. આ લાકડું તેઓ રાત્રીના સમયે વૃક્ષ કાપીને એકઠું કરે છે. લગભગ દરેક ઝુંપડાવાસીના ઘરમાં જંગલખાતાનું લાકડું પડ્યું જ હોય છે.

આ ઉપરાંત ગાંધીનગર શહેરમાં દરેક નગરવાસીના ઘર આગળ વૃક્ષ વાવવાની જગ્યા ફિક્સ કરેલી છે. પરંતુ હવે મનપા દ્વારા ઠેર ઠેર સિમેન્ટ બ્લોક્સ પાથરી દેવાતા આવી જગ્યાઓ ખોવાઈ જવા પામી છે. ગેરકાયદેસર દબાણ કરી દુકાનો બાંધી દેનારા વેપારીઓ દ્વારા પણ વૃક્ષો કાપી સિમેન્ટ બ્લોક્સ પાથરી દેવાયા છે. શહેરના મોટા ભાગના શોપીંગ કોમ્પલેક્ષો આગળ પણ સિમેન્ટ બ્લોક્સ લગાડી વૃક્ષો વાવવાની જગ્યા જ બાકી રાખવામાં આવી નથી. સરકારના પ્રોજેક્ટ સામે અવાજ ઉઠાવનારા પર્યાવરણવાદીઓમાંથી મોટા ભાગનાના ઘર આગળ પણ સિમેન્ટ બ્લોક્સ પાથરેલા જોવા મળે છે. એટલે વૃક્ષો નવા વિકસતા નથી અને કપાવાનું તો બંધ થતુ જ નથી.

જો સાચા અર્થમાં જનમત ઉભો કરવો હોય તો આ ચોમાસા દરમ્યાન પર્યાવરણવાદીઓએ જંગલખાતુ, શહેરની શૈક્ષણિક સંસ્થાઓ અને સેવાભાવી સામાજીક સંસ્થાઓને સાથે લઈને હજારોની સંખ્યામાં વૃક્ષો વાવવાનું કાર્ય હાથ ધરવું જોઈએ. નગરમાં વૃક્ષારોપણ માટે જગ્યાની કમી નથી. શહેરના બાગ-બગીચા, પ્રાથમિક શાળાઓ, હાઈસ્કૂલ-કોલેજો, રંગમંચો તેમજ રસ્તાની બંને

● અનુસંધાન પાન-૭ પર

# શાકભાજી પકવતા ખેડૂતોને છેતરાતા બચાવવા જરૂરી

ગાંધીનગર, તા.૨૩

બજારોમાં શાકભાજીના ભાવ આકાશને આંબી રહ્યા છે. શાકભાજીના વધતા જતા ભાવોનો લાભ ખેડૂતોને મળતો નથી. વચેટીયાઓ બધો લાભ ખાટી જાય છે. શાકભાજી પકવતા ખેડૂતોને લુંટાતા અને છેતરાતા બચાવવા માટે સરકારી અને સહકારી સંસ્થાઓએ ખરીદી કરવી જોઈએ.

બજારમાં અત્યારે વેચાતાં શાકભાજી ખેડૂત પાસેથી જથ્થાબંધ ભાવે ખરીદી વેપારી દ્વારા અત્યારે મફતના ભાવે પડાવી લેવામાં આવે છે. બટાકા તથા અન્ય શાકભાજીનો ભાવ એક રૂપિયા કિલોથી ૫૦ પૈસે કિલો લેવામાં આવે છે. જયારે બજારમાં વેચાતા શાકભાજીના ભાવ વધી ગયા છે. મોંઘવારીએ માઝા મુકી છે એવું વાતાવરણ ઈલેકટ્રોનીક મીડીયા દ્વારા ઉભું કરવામાં આવ્યું છે. હકીકતમાં મોંઘવારી વધતી જ નથી યોજના પૂર્વક ખેડૂતને નુકસાન પહોંચાડવા માટે જ મોંઘવારીની જાહેરાત કરવામાં આવે છે. ફાયદો તેમાં સંગ્રહખોર, કાળાબજારીયા, વચેટીયા લોકોને થાય છે. ભલા ભોળા ખેડૂતને આવી ખબર પડતી નથી.ખેડૂતો માટે બનાવેલી સહકારી સંસ્થાઓ, માર્કેટ યાર્ડો આ બાબતે ઘણી સારી ભૂમિકા ભજવી શકે તેમ

● અનુસંધાન પાન-૭ પર

# આજે કેશુભાઈ પટેલનો જન્મ દિવસ

ગાંધીનગર, તા.૨૩

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને



સોમનાથ ટ્રસ્ટના ચેરમેન કેશુભાઈ સવદાસ પટેલનો આજે જન્મ દિવસ છે. છેલ્લા પંદર દિવસથી કેશુભાઈ પટેલ પારિવારિક પ્રસંગોને કારણે અમેરિકાના પ્રવાસે છે. ગુજરાતના મધ્યમવર્ગીય સમાજમાંથી ઉભરી આવેલા કેશુભાઈ પટેલ છેલ્લા ચાર દાયકાથી ગુજરાતના જાહેર જીવનમાં પ્રભાવી નેતૃત્વ આપી રહ્યા છે.


**INDIAN INSTITUTE OF TEACHER EDUCATION GUJARAT**
Ramkrushna Paramhans Vidya Sankul, Nr. Mhatma Mandir, KH-Road, Sector-15, GANDHINAGAR-382016

**એન્ટીવાયરસ અંગેના ભાવપત્રક**

આઈ.આઈ.ટી.ઈ. ગાંધીનગર ખાતે કોમ્પ્યુટર સીસ્ટમ માટે એન્ટીવાઈરસ સોફ્ટવેરના ભાવો નીચેના સરનામે તા. ૩૧/૭/૨૦૧૫ સુધીમાં આમંત્રીત કરવામાં આવે છે. આ અંગેની વધુ માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.iite.ac.in ઉપરથી મેળવી શકાશે.

| Antivirus | Qty |
|---|---|
| Quick Heal End Point Security for Server | 1 |
| Quick Heal Total Security for Nod | 36 |

બંધ કવરમાં ભાવપત્રક મોકલવાનું સરનામું
રજીસ્ટ્રાર - ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન
રામકૃષ્ણ પરમહંસ વિદ્યાસંકુલ, મહાત્મા મંદિર પાસે,
'ખ' રોડ, સેક્ટર-૧૫, ગાંધીનગર - ૩૮૨૦૧૬

તા. ૨૧/૭/૨૦૧૫ — કુલસચિવ
સ્થળ : ગાંધીનગર — આઈ.આઈ.ટી.ઈ.




ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-3ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

**૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ**

UltraTech CEMENT The Engineer's Choice · STEEL TIGER · KAMDHENU STEEL

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ — ESTD. 1983

**કૈલાસ ટ્રેડર્સ** (લોદ્રાવાળા)

● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com